# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

******************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જોર્ડનના રાજા અબ્દુલ્લા દ્વિતીય વચ્ચેની બેઠકમાં બંને દેશ વચ્ચેના સંબંધને નવી ઉચાઇએ લઇ જવાનો સંકલ્પ**
2. **કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં સબકા બીમા સબકી રક્ષા (વીમા કાયદામાં સુધારો) બિલ, 2025 રજૂ કર્યું**
3. **રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ વિજય દિવસ નિમિત્તે વીર બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલી આપી**
4. **રાષ્ટ્રીય તપાસ સંસ્થાએ પહલગામ આતંકવાદી હુમલાના કેસમાં જમ્મુની એક ખાસ NIA અદાલતમાં આરોપનામું દાખલ કર્યું**
5. **મેક્સિકોમાં, સાન માટો એટેન્કો રાજ્યની મ્યુનિસિપાલિટીમાં એક નાનું વિમાન તૂટી પડતાં સાત લોકોના મોત**
6. **વૈશ્વિક બજારોમાં નરમાશના પગલે ભારતીય શેરબજારમાં ઘટાડાનું વલણ.**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM VISIT JORDAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની જોર્ડનની મુલાકાતે રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં નોંધપાત્ર પરિણામો આપ્યા છે, એમ વરિષ્ઠ અધિકારીઓએ એક પ્રેસ બ્રીફિંગ દરમિયાન જણાવ્યું હતું.

75 વર્ષના રાજદ્વારી સંબંધોને ઉજાગર કરતી અને 37 વર્ષમાં કોઈ ભારતીય પ્રધાનમંત્રી દ્વારા જોર્ડનની પ્રથમ પૂર્ણ દ્વિપક્ષીય મુલાકાતને મહત્વપૂર્ણ ગણાવી હતી. મીડિયાને માહિતી આપતા, સચિવ (દક્ષિણ) ડૉ. નીના મલ્હોત્રાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીનું ગાર્ડ ઓફ ઓનર સાથે સ્વાગત કરાયું હતું.

જોર્ડનના નેતૃત્વ સાથે વ્યક્તિગત વાટાઘાટો થઇ હતી. ત્યારબાદ પ્રતિનિધિમંડળ-સ્તરની ચર્ચાઓ થઈ હતી અને પરસ્પર હિતના દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું," વાટાઘાટોમાં આતંકવાદ મુખ્ય હતો, જોર્ડને ભારતના વલણને મજબૂત સમર્થન આપ્યું હતું.

ડૉ. મલ્હોત્રાએ જણાવ્યું હતું કે બંને પક્ષોએ આર્થિક સહયોગની સમીક્ષા કરી હતી, જેમાં ભારતમાં ફોસ્ફેટિક ખાતરોના મુખ્ય સપ્લાયર તરીકે જોર્ડનની ભૂમિકાનો પણ ઉલ્લેખ કરાયો હતો...

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## LS-FM INSURANCE BILL

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે લોકસભામાં સબકા બીમા સબકી રક્ષા (વીમા કાયદામાં સુધારો) બિલ, 2025 રજૂ કર્યું. આ બિલ વીમા અધિનિયમ 1938, જીવન વીમા નિગમ અધિનિયમ, 1956 અને વીમા નિયમનકારી અને વિકાસ સત્તા અધિનિયમ, 1999 માં સુધારો કરે છે. ગૃહમાં બિલ રજૂ થતાં જ, DMK અને TMC સહિત વિરોધ પક્ષોએ તેનો વિરોધ કર્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## LS - ROZGAR AND AJEEVIKA MISSION

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે લોકસભામાં "વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) ગેરંટી" બિલ 2025 રજૂ કર્યું. આ બિલ વીસ વર્ષ જૂના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ, 2005 (મનરેગા) ને બદલશે. આ કાયદો "વિકસિત ભારત 2047" સાથે સંલગ્ન એક આધુનિક વૈધાનિક માળખું સ્થાપિત કરશે, જે ગ્રામીણ પરિવાર દીઠ 125 દિવસની વેતન રોજગારની ખાતરી આપશે.

રોજગાર, પારદર્શિતા, આયોજન અને જવાબદારીમાં વધારો કરતી વખતે માળખાકીય નબળાઈઓને દૂર કરશે. આ ઉત્પાદક સંપત્તિ સર્જન, ઉચ્ચ આવક અને વધુ સારી સ્થિતિસ્થાપકતા દ્વારા ગ્રામીણ અર્થતંત્રને પણ મજબૂત બનાવશે.

મજબૂત સામાજિક સુરક્ષા, સારી કનેક્ટિવિટી, ઊંડી ડિજિટલ ઍક્સેસ અને વધુ વૈવિધ્યસભર ગ્રામીણ આજીવિકા સાથે, નવા બિલનો હેતુ ચાર પ્રાથમિકતા ક્ષેત્રો દ્વારા રોજગાર અને ટકાઉ ગ્રામીણ માળખાકીય સુવિધાઓ બંને બનાવવાનો છે.

જેમાં પાણી સંબંધિત કાર્યો દ્વારા પાણીની સુરક્ષા, મુખ્ય ગ્રામીણ માળખાગત સુવિધાઓ, આજીવિકા સંબંધિત માળખાગત સુવિધાઓ અને હવામાન ઘટનાઓને ઘટાડવા માટેના ખાસ કાર્યોનો સમાવેશ થાય છે. નવા બિલનો ઉદ્દેશ્ય મજૂરોને ઉચ્ચ ગેરંટીકૃત કાર્યદિવસ, વધુ સારા વેતન, મજબૂત સુરક્ષા અને વધુ પારદર્શક અમલીકરણ પદ્ધતિઓ પ્રદાન કરવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## PIYUSH GOYAL-FISHRY SECTOR

ભારતે છેલ્લા 7 મહિનામાં દરિયાઈ ક્ષેત્રમાં લગભગ 20 ટકા વૃદ્ધિ નોંધાવી છે. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન જવાબ આપતા કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આં જણાવ્યું હતું. તેમણે કહ્યું કે ભારતના માછલી નિકાસ મથકો પર કેટલાક દેશો દ્વારા લાદવામાં આવેલી એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી છતાં આ વૃદ્ધિ પ્રાપ્ત થઈ છે. શ્રી ગોયલે માહિતી આપી હતી કે યુરોપિયન યુનિયનમાં લગભગ 102 દરિયાઈ માછલી નિકાસ મથકો સફળતાપૂર્વક નોંધણી પામ્યા છે અને રશિયા દ્વારા આવા 25 મથકોને મંજૂરી આપવામાં આવી છે.

નિકાસ પ્રોત્સાહન અંગેના અન્ય એક પ્રશ્નના જવાબમાં, તેમણે કહ્યું કે સરકારે તાજેતરમાં 'નિર્યાત દિશા યોજના' શરૂ કરી છે; જેનો કુલ ખર્ચ 25 હજાર કરોડ રૂપિયા છે, જે ભારતની નિકાસ સ્પર્ધાત્મકતાને વધારવા માટે બિન-નાણાકીય સહાય પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## LS - RURAL ROAD

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ સાત લાખ કિલોમીટરથી વધુ ગ્રામીણ રસ્તાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા, ગ્રામીણ વિકાસ રાજ્યમંત્રી કમલેશ પાસવાને જણાવ્યું હતું કે, આ ગ્રામીણ

રસ્તાઓના નિર્માણ માટે ત્રણ લાખ 46 હજાર કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે. શ્રી પાસવાને જણાવ્યું હતું કે, ગ્રામીણ રસ્તાઓની જાળવણી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારોની જવાબદારી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## RS - RATION CARD

ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું કે રાજ્ય સરકારો દ્વારા બે કરોડથી વધુ અયોગ્ય અને બોગસ રેશન કાર્ડ દૂર કરવામાં આવ્યા છે. આજે રાજ્યસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા, શ્રી જોશીએ માહિતી આપી હતી કે રેશન કાર્ડ કાઢી નાખવા અથવા ઉમેરવા એ રાજ્યની જવાબદારી છે. તેમણે કહ્યું કે, દેશમાં જાહેર વિતરણ વ્યવસ્થાના લાભાર્થીઓને યોગ્ય રીતે લક્ષ્ય બનાવવા માટે 99 ટકાથી વધુ રેશન કાર્ડ આધાર સાથે જોડવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ

સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## PREZ- VP- PM VIJAY DIWAS

આજે વિજય દિવસ મનાવવામાં આવી રહ્યો છે. વર્ષ 1971 ના આજના દિવસે ભારતે પાકિસ્તાન સામેના યુદ્ધમાં ઐતિહાસિક વિજય મેળવ્યો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ જીત સુનિશ્ચિત કરનારા બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, રાષ્ટ્રપતિએ કહ્યું કે માતૃભૂમિ પ્રત્યે સૈનિકોની હિંમત, બહાદુરી અને અપ્રતિમ સમર્પણ હંમેશા રાષ્ટ્રને ગૌરવથી ભરી દે છે. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, ભારતીય સેના, નૌકાદળ અને વાયુસેનાની અજોડ વ્યાવસાયિકતા દર્શાવી હતી.

બહાદુર સૈનિકોના બલિદાનને યાદ કરતાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે તેમના અડગ સંકલ્પ અને નિઃસ્વાર્થ સેવાએ રાષ્ટ્રનું રક્ષણ કર્યું અને ભારતના ઇતિહાસમાં ગૌરવની ક્ષણ બનાવી. ગૃહમંત્રીએ કહ્યું આ જીતે વિશ્વભરમાં માનવતાના રક્ષણ માટે એક અનુકરણીય મોડેલ રજૂ કર્યું.

સંરક્ષણ મંત્રીએ કહ્યું કે સૈનિકોની બહાદુરી, શિસ્ત અને લડાયક ભાવના પેઢીઓને પ્રેરણા આપે છે અને રાષ્ટ્રીય ઇચ્છાશક્તિને મજબૂત બનાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## PREZ- PARAM VIR GALLERY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં વિજય દિવસ નિમિત્તે પરમ વીર દીર્ઘાનું ઉદ્ઘાટન કર્યું. પરમ વીર દીર્ઘા એક ગેલેરી છે જેમાં તમામ 21 પરમ વીર ચક્ર પુરસ્કાર વિજેતાઓના ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે આ ગેલેરીનો હેતુ મુલાકાતીઓને રાષ્ટ્રની રક્ષામાં અજેય ભાવના દર્શાવનારા રાષ્ટ્રીય નાયકો વિશે શિક્ષિત કરવાનો છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સહિત સેનાની ત્રણેય પાંખના વડા આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## WAR MEMORIAL- RAJNATH

વિજય દિવસ નિમિત્તે, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી. તેમની સાથે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ, ચીફ ઓફ આર્મી સ્ટાફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, ચીફ ઓફ એર સ્ટાફ એર ચીફ માર્શલ એપી સિંહ અને ચીફ ઓફ નેવલ સ્ટાફ એડમિરલ દિનેશ કે ત્રિપાઠી જોડાયા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RAJNATH- DEFENCE ESTATE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે નવી દિલ્હીમાં દિવસની સંરક્ષણ એસ્ટેટ ઉજવણીમાં ઉપસ્થિત રહેશે. તેઓ દેશભરમાં ફેલાયેલા 61 કેન્ટોનમેન્ટ બોર્ડને સંરક્ષણ જમીન વ્યવસ્થાપન અને મ્યુનિસિપલ વહીવટના ક્ષેત્રમાં જાહેર સેવામાં શ્રેષ્ઠતા માટે સંરક્ષણ મંત્રી પુરસ્કારો પણ અર્પણ કરશે. સંરક્ષણ એસ્ટેટ આ વર્ષે તેના 100માં વર્ષની ઉજવણી કરી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NIA-PAHALGAM ATTACK

રાષ્ટ્રીય તપાસ એજન્સીએ 22 એપ્રિલના દિવસે પહેલગામ આતંકવાદી હુમલાના સંદર્ભમાં જમ્મુની એક ખાસ NIA કોર્ટમાં આરોપનામું દાખલ કર્યું છે. એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે આ કેસમાં સાત આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી છે, જેમાં પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબા (LeT) અને તેની સહયોગી સંસ્થા, ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF)નો સમાવેશ થાય છે.

NIA એ જણાવ્યું હતું કે આ હુમલો પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદીઓ દ્વારા ધાર્મિક આધાર પર લક્ષિત હત્યા તરીકે કરવામાં આવ્યો હતો. આ હુમલામાં પચીસ પ્રવાસીઓ અને એક સ્થાનિક નાગરિકનું મોત થયું હતું.

આ કેસમાં વધુ તપાસ ચાલુ હોવાનું NIA એ જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# MEXICO AIRCRAFT CRASH

મેક્સિકોમાં, સાન માટો એટેન્કો રાજ્યની મ્યુનિસિપાલિટીમાં એક નાનું વિમાન ક્રેશ થતાં સાત લોકોના મોત થયા છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, વિમાનમાં પાઇલટ અને સહ-પાઇલટ સહિત 10 લોકો સવાર હતા. પીડિતોની હજુ સુધી ઓળખ થઈ નથી. દુર્ઘટનાની તપાસ ચાલી રહી છે.

રાજ્ય નાગરિક સુરક્ષા એજન્સીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે દુર્ઘટનાના કલાકો પછી ફક્ત સાત મૃતદેહો જ મળી આવ્યા હતા. વિમાને ફૂટબોલ મેદાન પર ઉતરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ નજીકની કંપનીની છત સાથે અથડાતાં તેમાં આગ લાગી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## STOCKS-1200

ભારતીય શેરબજારના સેન્સેક્સમાં આજે પાંચસો અને નિફ્ટીમાં 150 કરતાં વધુ પોઇન્ટ સુધીનો કડાકો થયો.

વૈશ્વિક બજારોમાં નરમાશ અને વિદેશી રોકાણકારોના નિરૂત્સાહના પગલે ભારતીય શેરબજારમા પીછેહઠ જોવા મળી હતી. મોટાભાગની સ્ક્રિપો આજે લાલ નિશાન પર કારોબાર કરી રહી છે.

ડોલર સામે રૂપિયો નબળો પડતા આ સ્થિતિ સર્જાઇ હતી. અત્યારે પણ શેરબજારમાં ઘટાડાનું વલણ જોવા મળી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA-UAE- JAISHANKAR

ભારત અને સંયુક્ત આરબ અમીરાત-યુએઈએ ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોરના અમલીકરણ અને વૈશ્વિક દક્ષિણ માટે કાર્ય કરવા માટે તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ આપી છે.

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને તેમના યુએઈ સમકક્ષ શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નાહ્યાનની મુલાકાત દરમિયાન આ નિવેદન આપવામાં આવ્યું હતું. બંને નેતાઓએ ગઈકાલે અબુ ધાબીમાં 16મી ભારત-યુએઈ સંયુક્ત કમિશન બેઠક અને ભારત-યુએઈ વ્યૂહાત્મક સંવાદના 5મા રાઉન્ડની સહ-અધ્યક્ષતા કરી હતી.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે આ બેઠકોએ દ્વિપક્ષીય સંબંધોના સમગ્ર ક્ષેત્રની વ્યાપક સમીક્ષા કરવાની તક પૂરી પાડી હતી. અને બંને નેતાઓએ પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ સહિત પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું.

મંત્રાલયે જણાવાયું કે **UAE** એ આવતા વર્ષે નવી દિલ્હીમાં યોજાનારી **AI** ઇમ્પેક્ટ સમિટ અને 2026 માં **BRICS** ના ભારતના પ્રમુખપદ માટે પણ પોતાનો ટેકો વ્યક્ત કર્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .